# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) સરકારે તમામ માંગણીઓ સ્વીકારતા CJP એ આંદોલન પાછું ખેંચ્યુ - શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાજીનામું સોંપ્યું.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રોમાનિયામાં ભારતીય સમુદાયને બંને દેશો વચ્ચે વધતી ભાગીદારીનો મહત્વપૂર્ણ આધારસ્તંભ ગણાવ્યો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર "મન કી બાત" કાર્યક્રમમાં પોતાના વિચારો શેર કરશે.

4) સારનાથના પ્રાચીન બૌદ્ધ સ્થળને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરાયું.

5) આસામમાં પૂરની સ્થિતિ ગંભીર - 1 લાખથી વધુ લોકો રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે.

6) ક્રિકેટમાં, ભારતે હરારેમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની બીજી T20 એકદિવસીય મેચમાં ઝિમ્બાબ્વેને જીતવા માટે 220 રનનો લક્ષ્યાંક આપ્યો.

........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GOVT-CJP TALKS

સરકારે માંગણીઓ સ્વીકારતા CJPએ આંદોલન પાછું ખેંચી લીધું છે. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને ડૉ. જીતેન્દ્ર સિંહે આજે CJP પ્રતિનિધિમંડળ સાથે ત્રીજા તબક્કાની વાતચીત કરી, જેમાં પરીક્ષા પ્રણાલીમાં સુધારા અને પેપર લીક અટકાવવાના પગલાંની માંગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. નવી દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી નડ્ડાએ જણાવ્યું કે બેઠક દરમિયાન સરકાર CJPની માંગણીઓ સાથે સંમત થઈ છે.

(BYTE – J .P NADDA )

આત્મહત્યા કરનારાઓને વળતરના મુદ્દા પર, શ્રી નડ્ડાએ સંપૂર્ણ સહાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું ખાતરી કરશે કે સરકાર નિયમો મુજબ મહત્તમ વળતર આપે.CJPના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે આંદોલન પાછું ખેંચવાની જાહેરાત કરી અને આશા વ્યક્ત કરી કે સંમત શરતો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થશે.

# PRADHAN RESIGNATION

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાનું રાજીનામું સુપરત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પ્રધાને જણાવ્યું કે તેઓ છેલ્લા દસ દિવસથી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનથી ઉભી થયેલી પરિસ્થિતિથી વ્યથિત છે અને આ તેમના માટે વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેમણે જણાવ્યું હતું કે તેમણે પ્રધાનમંત્રીને પોતાનું રાજીનામું સુપરત કરવાનો નિર્ણય લીધો છે જેથી રાષ્ટ્ર વિરોધી શક્તિઓ જંતર-મંતર અને દેશભરમાં વર્તમાન પરિસ્થિતિનો લાભ ન લઈ શકે અને ખાતરી કરી શકાય કે કોઈ પણ વિદ્યાર્થીનું ભવિષ્ય કાનૂની ગૂંચવણોમાં ફસાઈ ન જાય. શ્રી પ્રધાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન, વિશ્વાસ અને સતત સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રની સેવા કરવી એ તેમના જીવનમાં સર્વોચ્ચ પ્રાથમિકતા છે, અને તેઓ હંમેશા તેના માટે સમર્પિત રહેશે.

શ્રી પ્રધાને જણાવ્યું હતું કે નીટ યુજી પરીક્ષામાં ગેરરીતિઓ બાદ, સરકારે તપાસ CBIને સોંપી અને પરીક્ષા રદ કરી અને ફરીથી પરીક્ષા માટે નવી તારીખ પણ જાહેર કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારે આગામી વર્ષથી કમ્પ્યુટર આધારિત મોડમાં પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે.

# BJP-CONGRESS

ભાજપે કોંગ્રેસ પર સંસદમાં નીટ  પેપર લીક મુદ્દા પર ચર્ચામાંથી પીછેહઠ કરવાનો આરોપ લગાવ્યો છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, ભાજપના સાંસદ અને પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પૂછ્યું કે શું તેમનો પક્ષ સોમવારે ગૃહ ફરી શરૂ થાય ત્યારે આ મુદ્દા પરની ચર્ચામાં ભાગ લેશે.

(BYTE-SUDHANSHU TRIVEDI)

# DMRC - SERVICE RESUME

**દિલ્હી મેટ્રો નેટવર્કના બધા સ્ટેશનો હવે મુસાફરો માટે ખુલ્લા છે. અગાઉ, દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને સુરક્ષા કારણોસર 18 મેટ્રો સ્ટેશનો બંધ કર્યા હતા. આ સ્ટેશનોમાં લોક કલ્યાણ માર્ગ, રાજીવ ચોક, પટેલ ચોક, રામકૃષ્ણ આશ્રમ માર્ગ, બારખંભા રોડ, સુપ્રીમ કોર્ટ, સેવા તીર્થ, જનપથ, મંડી હાઉસ, સેન્ટ્રલ સેક્રેટરીએટ, ITO, દિલ્હી ગેટ, ઇન્દ્રપ્રસ્થ, ખાન માર્કેટ, જોર બાગ, શિવાજી સ્ટેડિયમ, ઝાંડેવાલન અને નવી દિલ્હીનો સમાવેશ થાય છે.**

# PRESIDENT - ROMANIA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રોમાનિયામાં ભારતીય સમુદાયના યોગદાનની પ્રશંસા કરી, તેમને બંને દેશો વચ્ચે વધતી ભાગીદારીનો મહત્વપૂર્ણ આધારસ્તંભ ગણાવ્યો. રોમાનિયાની તેમની મુલાકાતના અંતિમ દિવસે બુકારેસ્ટમાં એક કાર્યક્રમને સંબોધતા, તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે સહયોગ પહેલાથી ઘણો વ્યાપક અને ગતિશીલ છે.

(BYTE- PRESIDENT MURMU)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે રોમાનિયાના રાષ્ટ્રપતિ નિકુસર ડેન અને અન્ય નેતાઓ સાથેની તેમની વાતચીત દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવાની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરારનો ઉલ્લેખ કરતા, રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે તેના વહેલા અમલીકરણથી રોમાનિયા અને અન્ય EU સભ્ય દેશો વચ્ચે વેપાર અને રોકાણ માટે નવા રસ્તા ખુલશે.રાષ્ટ્રપતિએ રોમાનિયાના વિકાસમાં ભારતીય વ્યાવસાયિકો, ઉદ્યોગસાહસિકો, સંશોધકો, આરોગ્યસંભાળ કાર્યકરો અને વિદ્યાર્થીઓના મૂલ્યવાન યોગદાનની પ્રશંસા કરી. આ સાથે જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રોમાનિયાની તેમની રાજ્ય મુલાકાત પૂર્ણ કરી અને આજે બપોરે નવી દિલ્હી જવા રવાના થયા છે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પર "મન કી બાત" કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો શેર કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 136મો એપિસોડ હશે. આ કાર્યક્રમનું પ્રસારણ સમગ્ર આકાશવાણી અને દૂરદર્શન નેટવર્ક, AIR NEWS વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આકાશવાણી, દૂરદર્શન, પ્રધાનમંત્રી કાર્યાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SARNATH - UNESCO

સારનાથના પ્રાચીન બૌદ્ધ સ્થળને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અંગે ખુશી વ્યક્ત કરતાં તેને દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ ગણાવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે સારનાથનો ભગવાન બુદ્ધ સાથે ઊંડો સંબંધ છે, જેમનો શાણપણ, કરુણા અને સંવાદિતાનો સંદેશ વિશ્વને પ્રેરણા આપે છે.તેમણે કહ્યું કે આનાથી વિશ્વભરના વધુ લોકોને સારનાથની મુલાકાત લેવા અને ભગવાન બુદ્ધના આદર્શો સાથે જોડાવા માટે પ્રેરણા મળશે.

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે તેને ભારતના સાંસ્કૃતિક વારસા માટે એક ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.

# ASSAM FLOOD-PM

આસામમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર છે. 1 લાખથી વધુ લોકો રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે. સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ શિવસાગર, ચરાઈદેવ અને જોરહાટ છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ....

(BYTE- VAISHNAVI ASSAM FLOOD )

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આસામમાં પૂરને કારણે થયેલા જાનહાનિ અને વિનાશ પર ઊંડો શોક વ્યક્ત કર્યો.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા સાથે ફોન પર વાત કરીને પૂરની સ્થિતિની સમીક્ષા કરી.સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શર્માએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ તેમને રાહત, પુનર્વસન અને પુનર્નિર્માણ પ્રયાસોમાં કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.

# SIKKIM - LANDSLIDE

સિક્કિમના નામચી જિલ્લાના ફામટમ ગામમાં આજે ભૂસ્ખલનમાં બે લોકોના મોત થયા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ અન્ય એક ઘાયલ વ્યક્તિને નામચી જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# COAST GUARD RESCUE

ભારતીય તટ રક્ષકદળે 22 જુલાઈની મધ્યરાત્રિથી હાથ ધરાયેલા 11 બચાવ કામગીરી દ્વારા દમણ, દાદરા અને નગર હવેલી અને દક્ષિણ ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા 170 લોકોને બચાવ્યા છે. આ કામગીરી અવિરત વરસાદ, ભારે પૂર અને અત્યંત પડકારજનક હવામાન પરિસ્થિતિઓ વચ્ચે હાથ ધરવામાં આવી હતી.

સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે 22 અને 23 જુલાઈની રાત્રે, ખાનવેલ, સિલ્વાસામાં ફસાયેલા પાંચ લોકો અને કડૈયા દરિયાકાંઠાના વિસ્તારમાં પૂરગ્રસ્ત નદીમાં ફસાયેલા ત્રણ માછીમારોને સુરક્ષિત રીતે બચવાયા હતા. 23 અને 24 જુલાઈની રાત્રે, વેલસ્પન ઔદ્યોગિક વિસ્તારમાં 60 લોકો ફસાયા હતા, જ્યાં પૂરને કારણે માર્ગ સંપર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. આ વિસ્તારના તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કઢાયા હતા. આ અત્યાર સુધી હાથ ધરવામાં આવેલા સૌથી મોટા બચાવ કામગીરીમાંનું એક છે.

# CRICKET IND VS ZIM

ક્રિકેટમાં, ભારતે હરારેમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઝિમ્બાબ્વેને હરાવ્યું છે. આ અગાઉ ભારતે ઝિમ્બાબ્વેને જીતવા માટે 220 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરતાં ઝિમ્બાબ્વે 129 રન બનાવી ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત 90 રનથી જીતી ગયું છે.

આ પહેલા, પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, ભારતે ઇશાન કિશનના માત્ર 44 બોલમાં 81 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 219 રન બનાવ્યા હતા. તિલક વર્માએ પણ 60 રનનું યોગદાન આપ્યું હતું અને ક્રીઝ પર અણનમ રહ્યા હતા. ભારતીય ટીમમાં અશોક શર્માના સ્થાને ઝડપી બોલર યશ ઠાકુરે પ્રવેશ કર્યો છે.. ઝિમ્બાબ્વેએ તેમની ટીમમાં કોઈ ફેરફાર કર્યો નથી.

# GUJARAT RAINS

ગુજરાત રાજ્યમાં મોટા ભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ ચાલુ રહેતા અને પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી હાલમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

રાજ્ય અધિકારીઓએ 40 હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ ખસેડ્યા છે, જ્યારે બચાવ ટીમોએ છ હજાર 766 ફસાયેલા નાગરિકોને સુરક્ષિત રીતે સુરક્ષિત સ્થાનો પર પહોંચાડ્યા છે. નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં મહત્તમ સ્થળાંતર જોવા મળ્યું છે. નવસારી, વલસાડ, સુરત અને અમદાવાદ સહિત સંવેદનશીલ જિલ્લાઓમાં કુલ 17 NDRF ટીમો, 32 SDRF પ્લાટૂન અને 6 આર્મી કોલમ તૈનાત કરવામાં આવી છે.

રાજ્યના જળાશયોમાં પાણીનો સંગ્રહ નોંધપાત્ર રીતે વધ્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમ હાલમાં તેની કુલ ક્ષમતાના લગભગ 69 ટકા પાણી ભરાઈ ગયું છે જ્યારે 21 ડેમને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.